# શ્રીમદ્ભગવદ્ગીતામાં શૈક્ષણિક વિચારો

**પ્રા.સંદિપ એસ.બોરિચા**

આસિસ્ટંટ પ્રોફેસર, એસ.એમ.એન.કે.દલાલ ઍજ્યુકેશન કૉલેજ ફોર વિમેન

અમદાવાદ. E-Mail : sandeepboricha@yahoo.co.in

શ્રીમદ્ભગવદ્ગીતા એ હિન્દુ ધર્મનો પવિત્ર ગ્રન્થ છે.મહાભારતના ભીષ્મપર્વમાં અર્જુન જ્યારે કુરુક્ષેત્રના યુદ્ધમેદાનમાં કૌરવપક્ષે પોતાના સગાં–સંબંધીઓને જોઇને વિષાદ અનુભવે છે ત્યારે શ્રી કૃષ્ણ ભગવાન તેને યુદ્ધમાં પ્રવૃત્ત કરવા ગીતાનો ઉપદેશ આપે છે. શ્રીમદ્ભગવદ્ગીતા એ માત્ર આધ્યાત્મિક ગ્રન્થ જ નથી પરંતુ તેમાંથી માનવજીવનને ઉન્નત કરવાના વિચારો પણ છે. પ્રસ્તુત અભ્યાસમાં શ્રીમદ્ભગવદ્ગીતાના આધારે શૈક્ષણિક વિચારો તારવવાનો પ્રયાસ છે. પ્રસ્તુત અભ્યાસના હેતુઓ શ્રીમદ્ભગવદ્ગીતાના આધારે શિક્ષણનો અર્થ,**શિક્ષણના હેતુઓ, શિક્ષણપદ્ધતિ, પાઠ્યક્રમ, અને શિક્ષક–વિદ્યાર્થી સંબંધ વિષયક વિચારો તારવવા.આ અભ્યાસમાં માહિતીના સ્રોત, નમૂના તરીકે** શ્રીમદ્ભગવદ્ગીતાના ૧૮ અધ્યાય લેવામાં આવેલ.આ સંશોધન ગુણાત્મક પ્રકારનું અને સંશોધન પદ્ધતિ તરીકે વિષયવસ્તુ પૃથક્કરણ પદ્ધતિનો વિનિયોગ કરેલ. **न हि ज्ञानेन सदृशं पवित्रमिह विध्यते** । આ સંસારમાં જ્ઞાન સમાન બીજું કઇ પવિત્ર નથી. શ્રીમદ્ભગવદ્ગીતામાં શિક્ષણનો અર્થ જ્ઞાનના ત્રણ પ્રકાર પૈકી સાત્વિક જ્ઞાનમાં જોવા મળે છે. **શિક્ષણના હેતુઓ** (૧) સાત્વિક જ્ઞાનનો વિકાસ કરવો.(૨) અંતર્નિહિત વ્યક્તિત્વનો સર્વાંગી વિકાસ.(૩) સ્વતંત્ર નિર્ણયક્ષમતાનો વિકાસ કરવો.(૪) સામાજિક અને વ્યક્તિગત જવાબદારીમાં સંતુલન જાળવવું.શિક્ષણપદ્ધતિ તરીકે પ્રણિપાત,વારંવાર પ્રશ્નો,સેવા અને એકાગ્રતા.પાઠ્યક્રમમાં પરાવિદ્યા અને અપરાવિદ્યા દ્વારા ભૌતિક અને આત્મિક વિષયો સૂચવેલ.

## શ્રીમદ્ભગવદ્ગીતામાં શૈક્ષણિક વિચારો**

શ્રીમદ્ભગવદ્ગીતા એ હિન્દુ ધર્મનો પવિત્ર ગ્રન્થ છે.મહાભારતના ભીષ્મપર્વમાં અર્જુન જ્યારે કુરુક્ષેત્રના યુદ્ધમેદાનમાં કૌરવપક્ષે પોતાના સગાં–સંબંધીઓને જોઇને વિષાદ અનુભવે છે ત્યારે શ્રી કૃષ્ણ ભગવાન તેને યુદ્ધમાં પ્રવૃત્ત કરવા ગીતાનો ઉપદેશ આપે છે.પ્રસ્તુત અભ્યાસમાં શ્રીમદ્ભગવદ્ગીતાના આધારે શિક્ષણવિષયક વિચારો તારવવાનો પ્રયાસ કરેલ.

**ચાવીરૂપ શબ્દો**. શ્રીમદ્ભગવદ્ગીતા, શૈક્ષણિક વિચારો.

- **અભ્યાસના હેતુઓ.**

**પ્રસ્તુત અભ્યાસના હેતુઓ નીચે મુજબ હતા.**

(૧) શ્રીમદ્ભગવદ્ગીતાના આધારે શિક્ષણનો અર્થ તારવવો.

(૨) શ્રીમદ્ભગવદ્ગીતાના આધારે **શિક્ષણના હેતુઓ** તારવવા.

(૩) શ્રીમદ્‌ભગવદ્ગીતાના આધારે શિક્ષણની પદ્ધતિ અને પાઠ્યક્રમ વિષયક વિચારો તારવવા.

(૪) શ્રીમદ્‌ભગવદ્ગીતાના આધારે શિક્ષક–વિદ્યાર્થી સંબંધ વિષયક વિચારો તારવવા.

**સંશોધન યોજના**

પ્રસ્તુત અભ્યાસમાં નમૂના તરીકે શ્રીમદ્‌ભગવદ્ગીતાના ૧૮ અધ્યાયોમાં આવતાં શ્લોકોનો સમાવેશ કરવામાં આવેલ.સંશોધન પદ્ધતિ તરીકે વિષયવસ્તુ પૃથક્કરણ પદ્ધતિનો વિનિયોગ કરેલ.ગુણાત્મક પદ્ધતિથી માહિતીનું પૃથક્કરણ કરવામાં આવેલ.

**શિક્ષણનો અર્થ.**

**न हि ज्ञानेन सदृशं पवित्रमिह विध्यते** । આ સંસારમાં જ્ઞાન સમાન બીજું કઇ પવિત્ર નથી. શ્રીમદ્‌ભગવદ્ગીતામાં શિક્ષણનો અર્થ જ્ઞાનના ત્રણ પ્રકાર પૈકી સાત્વિક જ્ઞાનમાં જોવા મળે છે.

**सर्वभूतेषु येनैकं भावमव्ययमीक्षते । अविभक्तं विभक्तेषु तज्ज्ञानं विद्धि सात्विकम्** ॥

જેનાથી સર્વ મનુષ્યોમાં એક અખંડ અવ્યય ભાવ જોવા મળે છે,વિવિધતામાં એકતા જોવા મળે છે.તે જ્ઞાનને સાત્વિક જ્ઞાન કહેવાય.આ શ્લોકના આધારે શિક્ષણની વ્યાખ્યા આપવામાં આવે તો જ્ઞાન એ મનુષ્યોમાં નિર્વિકાર ભાવ જન્માવે છે.વૈવિધ્યમાં ઐક્ય જોવાની દ્દષ્ટિનો વિકાસ કરે તે જ્ઞાન.જ્ઞાનની પ્રાપ્તિ થતાં મનુષ્ય શાંતિ પામે છે.કૃષ્ણ ભગવાન અર્જુનને કહે છે કે તું જ્ઞાન દ્વારા તારા સંશયોને છેદી નાખ. જ્ઞાન એટલે સર્વમાં આત્મભાવ જોવો તે.સર્વમાં આત્મભાવ જોવાની દ્દષ્ટિ મનુષ્યોમાં કેળવાય તે માટે સર્વવ્યાપી બ્રહ્મજ્ઞાન જરૂરી છે.

**શિક્ષણના હેતુઓ.**

શ્રીમદ્‌ભગવદ્ગીતામાં અર્જુનને શ્રીકૃષ્ણ ભગવાન યુદ્ધ માટે પ્રેરાય એટલે ગીતાનો ઉપદેશ આપે છે. પ્રાચીન સમયથી ભારતીય સંસ્કૃતિમાં **सा विद्या या विमुक्तये** આધ્યાત્મિક મુક્તિને જ જીવનનું અંતિમ ધ્યેય માનવામાં આવે છે.પરંતુ સાથે સાથે શ્રીમદ્‌ભગવદ્ગીતામાં વિવિધ ઉદ્ધરણોના આધારે શિક્ષણના હેતુઓ તારવી શકાય જે નીચે મુજબ છે.

(૧) સાત્વિક જ્ઞાનનો વિકાસ કરવો.
(૨) અંતર્નિહિત વ્યક્તિત્વનો સર્વાંગી વિકાસ.
(૩) સ્વતંત્ર નિર્ણયક્ષમતાનો વિકાસ કરવો.
(૪) સામાજિક અને વ્યક્તિગત જવાબદારીમાં સંતુલન જાળવવું.

**(૧) સાત્વિક જ્ઞાનનો વિકાસ કરવો.**

શ્રીમદ્‌ભગવદ્ગીતામાં શ્રીકૃષ્ણ અર્જુનને હતાશાને ખંખેરીને યુદ્ધ માટે તૈયાર કરે છે.આજે મોટા ભાગના વિદ્યાર્થીઓ સાત્વિક જ્ઞાનથી વિમુખ થતાં જાય છે.અર્જુન પોતાના સગાંવ્હાલાઓની સાથે યુદ્ધ કરવાનું હોય વિષાદ અનુભવે છે ત્યારે શ્રીકૃષ્ણ તેમને સાત્વિક જ્ઞાન વિશે સમજાવે છે.તે અજ્ઞાનમાંથી મુક્તિ અપાવીને ભેદદ્દષ્ટિથી બચાવે છે,આત્માનુભૂતિ કરાવી પ્રકાશ તરફ ગતિ કરાવે છે,જે ભેદમાં અભેદની ઝાંખી કરાવી બધાં પ્રાણીઓને પરમાત્માની અનુભૂતિ કરાવે છે.

**(૨) અંતર્નિહિત વ્યક્તિત્વનો સર્વાંગી વિકાસ.**

શિક્ષણનો અંતિમ હેતુ જ વ્યક્તિત્વનો સર્વાંગી વિકાસ કરવાનો છે.દરેક માણસનું વ્યક્તિત્વ દૈવી અને આસુર એમ બે પ્રકારનું હોય છે.જેમ શ્રીમદ્ભગવદ્ગીતામાં શ્રીકૃષ્ણ અર્જુનને હતાશાને ખંખેરીને યુદ્ધ માટે તૈયાર કરી સાચો રસ્તો બતાવે છે તેમ શિક્ષણનો હેતુ પણ વિદ્યાર્થીઓને તેના વ્યક્તિત્વના પાસાંઓને પીછાણીને ઉન્નતિના પંથે લઈ જવાનો છે. આ ઉપરાંત સત્ત્વ,રજસ્ અને તમસ્ ત્રણ પ્રકારો પૈકી સાત્ત્વિક વ્યક્તિત્વનો વિકાસ કરવાનો છે.

**सत्त्वात्संजायते ज्ञानम् । सात्त्विकं निर्मलं फलम् ।ज्ञानं यदा तदा विद्याद्विवृद्धं सत्त्वमित्युते ।**

**तत्र सत्त्वं निर्मलत्वात्प्रकाशकमनायम् । सुखसङ्गेन बध्नाति ज्ञानसङ्गेन चानध ॥**

સાત્ત્વિક વ્યક્તિત્વના વિકાસ કરવા માટે સત્ત્વગુણનો વિકાસ જરૂરી છે. સત્ત્વગુણ નિર્મળ,પ્રકાશક અને નિર્દોષ છે.તે સુખ અને જ્ઞાનની આસક્તિથી બાંધે છે.સત્ત્વથી જ્ઞાન ઉત્પન્ન થાય છે.શરીરમાં જ્ઞાન પ્રવેશે ત્યારે સત્ત્વની વૃદ્ધિ જાણવી.સાત્ત્વિક નિર્મળ ફળ આપનાર છે. સાત્વિક ગુણોને જાણી તેના દ્વારા વ્યક્તિત્વનો સર્વાંગી વિકાસ સાધી શકાય.

**(૩) સ્વતંત્ર નિર્ણયક્ષમતાનો વિકાસ કરવો.**

શ્રીમદ્ભગવદ્ગીતામાં સ્વતંત્ર નિર્ણયશક્તિના વિકાસ પર ભાર મુકવામાં આવ્યો છે.ગાંધીજી પોતાના શૈક્ષણિક વિચારો અંતર્ગત હેતુઓની ચર્ચામાં માનસિક સ્વાવલંબનમાં સ્વતંત્ર નિર્ણયશક્તિના વિકાસની વાત કરે છે. શ્રીમદ્ભગવદ્ગીતામાં સ્વતંત્ર નિર્ણય લેવાનું કહ્યું છે પણ અકરણીય કર્મ કરી શકાતું નથી.મહાભારતના યુદ્ધમાં શ્રીકૃષ્ણ પાંડવોના પક્ષે છે.તે પ્રત્યક્ષ રૂપે ક્યાંય યુદ્ધમાં જોડાતા નથી પરંતુ અર્જુનને વિષાદ થતાં તે તેના મોહને દૂર કરવા માટે ગીતાનો ઉપદેશ આપે છે.તે સ્વયં યુદ્ધ કરવા માટે સક્ષમ છે,છતાં તે યુદ્ધમાં પ્રવૃત્ત થતા નથી પણ અર્જુનને પ્રેરે છે .અર્જુનને મોક્ષસંન્યાસયોગમાં કહે છે કે..

**इति ते ज्ञानमाख्यातं गुह्याद्गुह्यतरं मया । विमृश्यैतद्शेषेण यथेच्छसि तथा कुरु ॥**

આ પ્રકારે મે ગુહ્યથી ગુહ્ય એવું જ્ઞાન કહ્યું,એનો સંપૂર્ણ વિચાર કરીને જે ઇચ્છા થાય તે કર,નિર્ણય લેવાનું તે અર્જુનને કહે છે.નિર્ણય પણ સંપૂર્ણ વિચારીને લેવાનું કહે છે. સ્વતંત્ર નિર્ણયશક્તિના વિકાસ માટેનું આ ઉત્તમ ઉદાહરણ છે.શિક્ષણનો હેતુ પણ વિદ્યાર્થી જાતે સારા–નરસાનો વિચાર કરીને નિર્ણયશક્તિ વિકસાવવાનો છે.શિક્ષણનું કાર્ય તેને નિર્ણય લેવા માટે સક્ષમ બને તેવું વાતાવરણ પૂરું પાડવાનો છે.

**(૪) સામાજિક અને વ્યક્તિગત જવાબદારીમાં સંતુલન જાળવવું.**

શ્રીમદ્ભગવદ્ગીતામાં અર્જુનની માનસિક સ્થિતિ વ્યક્તિગત સ્વતંત્રતા અને સામાજિક કર્તવ્યની વચ્ચે ઝોલાં ખાય છે,વ્યક્તિગત કર્તવ્યમાં તે યુદ્ધમાં પોતાના સગાંવ્હાલાઓની જોઈને વિષાદ અનુભવે છે.અર્જુન શસ્ત્રો ત્યજીને રથમાં બેસી યુદ્ધ ન કરવાનું વિચારે છે.વ્યક્તિગત રીતે યુદ્ધ કરવું કે ન કરવું તે નક્કી કરી શકતો નથી,બીજી તરફ સામાજિક કર્તવ્યના ભાગરૂપે ક્ષત્રિય હોવાના નાતે યુદ્ધ કરવું જોઈએ એવું માને છે.**सुखिनः क्षत्रियाः लभन्ते युद्धमीदृशम्** । પોતે જો ક્ષત્રિય કર્મ કરે તો શાંતિ નહીં પણ

પીડા પ્રાપ્ત કરશે.જો માત્ર સામાજિક કર્તવ્યનું પાલન કરે તો વ્યક્તિગત સ્વતંત્રતાનું શું ? આ સ્થિતિમાં શ્રીકૃષ્ણ તેને અધ્યાત્મજ્ઞાન આપી વ્યક્તિગત અને સામાજિક કર્તવ્યમાં સંતુલન જાળવવાનો ઉપદેશ આપે છે.આ ઉપરથી સામ્પ્રત સમયમાં શિક્ષણનું કાર્ય પણ વિદ્યાર્થીના વ્યક્તિત્વનો સર્વાંગી વિકાસ કરી સામાજિક અને વ્યક્તિગત જવાબદારીમાં સંતુલન જાળવવાનું છે.

**શિક્ષણપદ્ધતિ**

જે જ્ઞાન સર્વશ્રેષ્ઠ છે,જે સમગ્ર કર્મના બંધનને ભસ્માવશેષ કરે છે તે જ્ઞાન કઈ રીતે પ્રાપ્ત થાય તેના સંદર્ભમાં પદ્ધતિવિષયક વિચારો પ્રાપ્ત થાય છે.

**तद्द्विद्धि प्रणिपातेन परिप्रश्नेन सेवया । उपदेक्ष्यन्ति ते ज्ञानं ज्ञानिनस्तत्त्वदर्शिनः ॥**

તે જ્ઞાનને પ્રણિપાત,વારંવાર પ્રશ્નો અને સેવાથી જાણજે.તત્ત્વદર્શી જ્ઞાનીઓ તને ઉપદેશ કરશે.આ સાધનો કે માર્ગો દ્વારા પ્રસન્ન થયેલ જ્ઞાની ગુરુઓ જે જ્ઞાન આપે છે તે માત્ર બૌદ્ધિક કક્ષાનું નહીં પણ અનુભૂત્યાત્મક હોય છે.**પ્રણિપાત**–નમ્રતા,જ્ઞાન પ્રાપ્ત કરવા માટેની પ્રથમ શરત નમ્રતા છે. **સેવા–**સેવા દ્વારા ,જ્ઞાની ગુરુ તરફની ભક્તિ અને શ્રદ્ધા તે સેવા.**પરિપ્રશ્ન–**પ્રશ્નો દ્વારા.આ શબ્દ જિજ્ઞાસા સૂચવે છે.જ્ઞાનપ્રાપ્તિ માટે મન જ્યાં સુધી તલસતું નથી ત્યાં સુધી જ્ઞાન સ્થિર થતું નથી.જીવનના ગહનતમ અત્યો જાણવા ઈચ્છતા મનુષ્યોમાં આવો જિજ્ઞાસાભાવ પરિપ્રશ્ન દ્વારા પ્રગટે છે.**એકાગ્રતા–**

**असंशयं महाबाहो मनो दुर्निग्रहं चलम् । अभ्यासेन तु कौन्तेयं वैराग्येण च गृह्यते ॥**

હે મહાબાહુ ! મન ચંચળ અને વશ કરવું કઠિન છીમાં સંશય નથી.પણ હે અર્જુન !અભ્યાસ અને વૈરાગ્યથી તે વશ કરી શકાય છે.ચિત્તની એકાગ્રતા સાધવા અભ્યાસ અને વૈરાગ્ય આવશ્યક છે. વૈરાગ્ય એ વિધ્વંશક સાધન છે અને અભ્યાસ એ વિધાયક સાધન છે.ખેતરમાં ઊગી નીકળેલું નીંદણ ઊખેડી કાઢવું એ વિધ્વંશક કામ છે તેને વૈરાગ્ય કહેવાય.બીજ રોપવું કે ઓરવું એ વિધાયક કામ છે.મનમાં સદ્વિચારોનું ફરી–ફરીને ચિંતન કરવું તે અભ્યાસ એકાગ્રતા પ્રાપ્ત કરવાથી ચિતવૃત્તિનિરોધ થાય છે,જે જ્ઞાન પ્રાપ્ત કરવામાં સહાયક બને છે.**श्रद्धावान लभते ज्ञानम् ।**

**પાઠ્યક્રમ**

શ્રીમદ્ભગવદ્ગીતામાં જ્ઞાનને બે ભાગમાં વહેંચવામાં આવ્યું છે.પરાવિદ્યા અને અપરાવિદ્યા. અપરાવિદ્યામાં બધાં પ્રકારના વિજ્ઞાનોનું અધ્યયન,મન તથા બુદ્ધિથી મળતું અનુભવાત્મક જ્ઞાનનો સમાવેશ થાય છે.તેમાં ભૌતિક વિષયો જેવા કે કલા,વિજ્ઞાન અને યાંત્રિકવિદ્યાનો સમાવેશ થાય છે. પરાવિદ્યામાં આધ્યાત્મિક વિષયોને અનુરૂપ જ્ઞાનનો સમાવેશ થાય છે.

**भूमिरापोऽनलो वायुः खं मनोबुद्धिरेव च । अहंकार इतीयं मे भिन्ना प्रकृतिरष्टधा ॥**
**अपरेयमितस्तवन्यो प्रकृतिं विद्धि मे पराम् । जीवभूता महाबाहो ययेदं धार्यते जगत् ॥**

પાઠ્યક્રમમા ક્રિયાત્મક પાસા પર વધારે ભાર મૂકે છે. શરીર અને આત્મનું જ્ઞાન પરાવિદ્યાથી આવે છે.આ જ્ઞાન નિત્ય,પૂર્ણ અને સનાતન છે.અપરાવિદ્યાના માધ્યમથી જગતની પાછળ

રહેલી ચેતનાસત્તાની અનુભૂતિ કરવા માટે વિજ્ઞાન ,સમાજશાસ્ત્ર ,સાહિત્ય,કલા ,ઉદ્યોગ વગેરે સહાયક થાય છે.

**શિક્ષક–વિદ્યાર્થી સંબંધ**

ગુરુ–શિષ્યની ભાવના કૃષ્ણ–અર્જુનના સંબંધમાંથી સ્ફૂરિત થાય છે.અર્જુન જ્યારે કુરુક્ષેત્રના મેદાનમાં સંમૂઢ બની ગયો ત્યારે જ્યાં સુધી શ્રીકૃષ્ણના શરણે શિષ્યભાવે જતો નથી ત્યાં સુધી કૃષ્ણ તેને ઉપદેશ આપતા નથી.અર્જુનમાં શિષ્ય તરીકેની લાયકાત જન્માવે છે.જ્યારે અર્જુન શિષ્યભાવે શરણાગતિ સ્વીકારતા અજ્ઞાનતાનો સ્વીકાર કરતાં કહે છે કે **न चैतद् विद्मः** 'અમે આ જાણતા નથી.'

પોતાની અજ્ઞાનતાનું જ્ઞાન થવું એ જ જ્ઞાનપ્રાપ્તિનું પ્રથમ સાધન છે. **शिष्यस्तेऽहं शाधि मां त्वां प्रपन्नम्** । હું તમારો શિષ્ય છું,તમારા શરણે આવેલા મને ઉપદેશો.શિષ્યની જ્ઞાન મેળવવા માટેની શરણાગતિમાં શિસ્તનો ભાવ રહેલો છે.ગુરુ તરીકે કૃષ્ણ આદર્શ છે.આટલું બધુ ગુહ્યતર જ્ઞાન આપ્યા પછી અર્જુનને પોતાની ઈચ્છાનુસાર વર્તવાનું કહે છે. **यथेच्छसि तथा कुरु** । ગુરુનું કાર્ય માર્ગદર્શક તરીકેનું છે.તેને પથપ્રદર્શિત કરવાનું છે.તેને નિર્ણય લેવા માટે પૂરેપૂરી સ્વતંત્રતા આપવાની છે.

सर्वधर्मान्परित्यज्य मामेकं शरणं व्रज । अहं त्वां सर्वपापेभ्यो मोक्षयिष्यामि मा शुचः ॥

**સંદર્ભસૂચિ**

ઉચાટ,ડી.એ.**શિક્ષણ અને સામાજિક વિજ્ઞાનોમાં સંશોધનનું પદ્ધતિશાસ્ત્ર**.પારસ પ્રકાશન,રાજકોટ–૨૦૧૨

પટેલ,ગૌતમ તથા અન્યો **શ્રીમદ્ભગવદ્ગીતા**.સી.જમનાદાસ,અમદાવાદ–૨૦૦૨

ભાવે,વિનોબા.ગીતાપ્રવચનો.પરંધામ પ્રકાશન,પવનાર–૧૯૯૫

**शैक्षिक उद्देश्य विशेषांक**,विनोद पुस्तक भण्डार,आग्रा १९७२

तोमर,लज्जाराम,**भारतीय शिक्षणनां मूळतत्त्वो** .सुरुचि प्रकाशन ,नवी दिल्ही.१९९१

त्यागी,गुरुसरन दास.**भारत में शिक्षा का विकास**, विनोद पुस्तक भण्डार,आग्रा.२००२

**"શિક્ષણ દર્શન"** માટેનું લવાજમ મોકલવાનું સરનામું :-

**શ્રી અરવિંદભાઈ એલ મહેતા**

૫, પ્રીતિ ડુપ્લેક્ષ, આનંદવન કોમ્પ્લેક્ષ પાસે,

સુભાનપુરા, **વડોદરા- ૩૯૦૦૨૩**

**૧** વર્ષનું લવાજમ –**૧૨૦ રૂ.**

**૩** વર્ષનું લવાજમ –**૩૩૦ રૂ.**

**૫** વર્ષનું લવાજમ –**૫૫૦ રૂ.**